## ઓનલાઇન થાવ

આ ફોર્મ ભરવું ઝડપી અને સરળ છે, અહીં...
gov.uk/register-to-vote

# મત આપવા નોંધણી કરાવો

## મત આપવા નોંધણી કરાવવી

**તમે મત આપવા નોંધણી કરાવી શકો છો જો તમે આ પાત્રતા ધરાવતા હો:**

- યુકેમાં રહેવાસી હો (સામાન્ય રીતે રહેતા હો) અને તમારી ઉંમર 16 વર્ષ કે વધારે હોય (પરંતુ તમે 18 વર્ષના થાવ નહિ ત્યાં સુધી મત આપી શકશો નહીં).

**તમે આ પાત્રતા પણ અચૂક ધરાવતા હોવા જોઇએ:**

- એક બ્રિટિશ, આઇરિશ કે યુરોપીયન યુનિયનના નાગરિક હો, અથવા
- કોમનવેલ્થ (રાષ્ટ્રમંડળ) નાગરિક હો જેઓ યુકેમાં પ્રવેશવાની અથવા રહેવાની પરવાનગી ધરાવતા હોય અથવા જેઓને આવી પરવાનગી જરૂરી ના હોય.

**તેમાં માત્ર જૂજ મિનિટોનો સમય લાગશે અને તે ઓનલાઇન વધારે ઝડપી અને વધારે સરળ હોય છે.**
આ ફોર્મમાં માગેલી તમામ માહિતી અચૂક પૂરી પાડવી રહી (સિવાય કે અન્યથા વર્ણવ્યું હોય) અથવા તમારી અરજી વિલંબિત થઇ શકે.

## 1 તમારું નામ અને સરનામું

પહેલું નામ ______

અટક ______

તમારું સરનામું ______

પોસ્ટકોડ ______

શું તમે બીજા કોઇ સરનામે રહો છો? ☐ ના ☐ હા
જો હા તો, તમારે આ સરનામું અમને અત્યારે આપવું પડતું નથી પરંતુ અમે વધારે માહિતી મોડેથી માગીએ તેવું બની શકે.

ટેલિફોન નંબર (વૈકલ્પિક) ______

ઇમેલ (વૈકલ્પિક) ______

તમારું ઇમેલ સરનામું પૂરું પાડવાથી તમારી અરજી વિશે તમારો સંપર્ક કરવો ઝડપી અને સરળ બની જાય છે.

### ખોટી માહિતી

જો અમારી પાસે રહેલી છાપેલી માહિતી ખોટી હોય તો, કૃપા કરી તેને ચેકી નાખો અને સાચી માહિતી લખો.

## 2 તમારી રાષ્ટ્રીયતા

______

જો તમે એકથી વધારે રાષ્ટ્રીયતા ધરાવતા હો તો, કૃપા કરી તે તમામનો સમાવેશ કરો.
(શું તમને તમારી રાષ્ટ્રીયતા ખબર નથી? કૃપા કરી વિભાગ 7 જુઓ)

(વધુ માહિતી પાન 4 પર)

## 3 શું તમે વિતેલા 12 મહિનામાં ઘર બદલ્યું છે?

☐ ના ☐ હા જો હા તો, કૃપા કરી તમે ગયા વર્ષ દરમિયાન જ્યાં રહ્યા હો તેવું કોઇ ભૂતપૂર્વ સરનામું જણાવો નહિતર તમારી અરજી વિલંબિત થઇ શકે.

______

પોસ્ટકોડ ______

જો આ સરનામું વિદેશનું હોય તો, શું તમારી નોંધણી યુકેમાં ઓવરસીઝ વોટર (વિદેશી મતદાતા) તરીકે થઇ હતી? ☐ ના ☐ હા

( Barcode goes here )

## 4 શું તમે તમારા હાલના સરનામે રહેતી 16 વર્ષ કે વધારે ઉમરની એકમાત્ર વ્યક્તિ છો? (વૈકલ્પિક)

☐ હા, આ સરનામે રહેતી 16 વર્ષ કે વધારે ઉમરની હું એકમાત્ર વ્યક્તિ છું. (વધુ માહિતી પાન 4 પર)

## 5 તમારી જન્મ તારીખ

☐☐ ☐☐ ☐☐☐☐

દિ દિ મ મ વ વ વ વ

જો તમે તમારી જન્મ તારીખ જાણતા ન હો તો, કૃપા કરી નિશાની કરો કે આમાંથી તમને કઇ ઉમર લાગુ પડે છે:

18 વર્ષથી ઓછી ☐ 18-75 વર્ષ ☐ 76 વર્ષ કે વધારે ☐

(શું તમને તમારી જન્મ તારીખ ખબર નથી? કૃપા કરી વિભાગ 7 જુઓ). (વધુ માહિતી પાન 4 પર)

## 6 તમારો નેશનલ ઇન્સ્યોરન્સ નંબર

તમે આ તમારી પે-સ્લિપ, અથવા કર, પેન્શન કે લાભોને લગતા ઔપચારિક પત્રો પર શોધી શકો છો.

☐☐ ☐☐ ☐☐ ☐☐ ☐ (શું તમને તમારો નેશનલ ઇન્સ્યોરન્સ નંબર ખબર નથી? કૃપા કરી વિભાગ 7 જુઓ)

## 7 શું તમને તમારી રાષ્ટ્રીયતા, જન્મ તારીખ કે નેશનલ ઇન્સ્યોરન્સ નંબર ખબર નથી? કૃપા કરી કેમ તે અમને જણાવો

જો તમે આ વિગતો પૂરી પાડી શકો નહિ તો, અમે તમને અન્ય દસ્તાવેજી પુરાવાઓ વિશે પૂછી શકીએ,
તમારી અરજીનું પ્રક્રિયાકરણ કરતા પહેલાં.

.................................................................................................

.................................................................................................

## 8 શું તમે તમારું નામ બદલ્યું છે?

કૃપા કરી અમને તમારું સૌથી તાજેતરનું ભૂતપૂર્વ નામ જણાવો (વૈકલ્પિક).

☐

કૃપા કરી અમને તમારું નામ બદલ્યાની તારીખ જણાવો (વૈકલ્પિક). ☐☐ ☐☐ ☐☐☐☐

દિ દિ મ મ વ વ વ વ (વધુ માહિતી પાન 4 પર)

## 9 રૂબરૂમાં મતદાન કરી શકતા નથી

જો તમે મતદાનના દિવસે રૂબરૂમાં મતદાન મથક પર જવામાં અક્ષમ હો તો, કૃપા કરી તમે કેવી રીતે મતદાન કરવા ઇચ્છશો તે પસંદ કરો અને અમે તમને અરજી ફોર્મ મોકલીશું, અથવા તમે અરજી ફોર્મ ઓનલાઇન ડાઉનલોડ કરી શકો છો, અહીંથી: **yourvotematters.co.uk**

☐ ટપાલ દ્વારા ☐ પ્રોક્સી (પ્રતિનિધિ) દ્વારા (તમારા વતી મત આપનાર કોઇ વ્યક્તિ)

## 10 ઓપન રજીસ્ટર

ઓપન રજીસ્ટર એ ઇલેક્ટોરલ રજીસ્ટરનો ઉતારો હોય છે, પરંતુ તેનો ઉપયોગ ચૂંટણીઓ માટે થતો નથી. તેને કોઇપણ ખરીદી શકે છે અને ઘણી વાર તેનો ઉપયોગ નામ અને સરનામું જેવી વિગતો પાકી કરવા થાય છે.

કૃપા કરી નિશાની કરશો જો તમે તમારું નામ અને સરનામું ઓપન રજીસ્ટરમાં સમાવાય નહિ તેમ ઇચ્છતા હો ☐ (વધુ માહિતી પાન 4 પર)

## 11 ઘોષણા

હું હાલમાં આ સરનામે રહું છું. મારા શ્રેષ્ઠ જ્ઞાન મુજબ, આ ફોર્મમાંની માહિતી સાચી છે.
હું સમજુ છું કે આ ફોર્મ પર મેં આપેલી માહિતીનો ઉપયોગ ઇલેક્ટોરલ રજીસ્ટર પર કરવામાં આવશે.
હું સમજુ છું કે જો હું નોંધણી માટે અરજી કરવાની જરૂર હોય ત્યારે તે ના કરું તો, મારે £80 નો દંડ ભરવો પડી શકે છે. હું સમજુ છું કે આ ફોર્મમાં ખોટી માહિતી જાણીજોઇને પૂરી પાડવી એ ગુનો બને છે અને જો હું ગુનેગાર સાબિત થઉ તો મને છ મહિના સુધીની કેદ અને/અથવા અસીમિત દંડ ભરવો પડી શકે.

**સહી** ☐

**આજની તારીખ** ☐☐ ☐☐ ☐☐☐☐

દિ દિ મ મ વ વ વ વ

જો તમને આ ફોર્મ ભરવામાં મદદ જોઇતી હોય તો, કૃપા કરી અમારો સંપર્ક પાન 1 પરની વિગતોનો ઉપયોગ કરીને કરો.

*( Barcode goes here )*

## તમારી રાષ્ટ્રીયતા

જો તમે એકથી વધારે રાષ્ટ્રીયતા ધરાવતા હો તો, કૃપા કરી તે તમામનો સમાવેશ કરો. તમે યુકેમાં મત આપવા માત્ર ત્યારે જ નોંધણી કરાવી શકો છો જો તમે એક બ્રિટિશ, આઇરિશ કે યુરોપીયન યુનિયનના નાગરિક હો, અથવા કોમનવેલ્થ (રાષ્ટ્રમંડળ) નાગરિક હો જેઓ યુકેમાં પ્રવેશવાની અથવા રહેવાની પરવાનગી ધરાવતા હોય અથવા જેઓને આવી પરવાનગીની જરૂર ના હોય. અમને તમારી રાષ્ટ્રીયતા વિશે વધારાના પુરાવાની જરૂર પડી શકે અથવા અમે સરકારી રૅકોર્ડ્સમાં તમારી રાષ્ટ્રીયતા કે ઇમિગ્રેશન સ્થિતિ ચિકાસી શકીએ.

## શું તમે તમારા સરનામે રહેતી 16 વર્ષ કે વધારે ઉંમરની એકમાત્ર વ્યક્તિ છો?

તમારે આ પ્રશ્નનો જવાબ આપવો પડતો નથી. જોકે, દર વર્ષે, તમારી ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસ (ચૂંટણીલક્ષી નોંધણી કાર્યાલય) દરેક ઘરબારને પત્રો મોકલે છે જેથી યોગ્ય લોકો મત આપવા નોંધાયેલા હોવાની ખાતરી કરવામાં મદદ મળે. તમારી ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસને નજીકના ભવિષ્યમાં તમારા ઘરે આ પત્રો મોકલવાની જરૂર ના પડી શકે જો તમે તેઓને જણાવો કે તમે તમારા હાલના સરનામે રહેતી 16 વર્ષ કે વધારે ઉંમરની એકમાત્ર વ્યક્તિ છો.

## તમારી જન્મ તારીખ

જો તમને તમારી જન્મ તારીખ ખબર ના હોય તો, કૃપા કરી ઔપચારિક દસ્તાવેજો (દાખલા તરીકે, તમારો પાસપોર્ટ કે ડ્રાઇવિંગ લાઇસન્સ) પર તમે આપેલી તારીખ જણાવો અથવા નીચેનામાંથી એક ખાના પર નિશાની કરો. તમારી જન્મ તારીખથી તમને ઓળખ મળે છે, તમારી મત આપવાની પાત્રતા પાકી થાય છે અને તેનો ઉપયોગ જૂરી સર્વિસ માટે લોકોને બોલાવવા કરી શકાય છે.

## શું તમે તમારું નામ બદલ્યું છે?

દાખલા તરીકે, તમે પરણ્યા હો અને તમારું નામ બદલ્યું હોઇ શકે. તમારે અમને તમારું નામ બદલ્યાની વિગતો આપવી પડતી નથી પરંતુ તે અમને તમારી ઓળખ કરવામાં મદદરૂપ થશે. જો આ માહિતી આપી ના હોય તો પછી તમારે વધારાના દસ્તાવેજી પુરાવાઓ પૂરા પાડવાની જરૂર પડી શકે.

## ઓપન રજીસ્ટર

**બે રજીસ્ટર્સ હોય છે. કેમ?** જાહેર જનતા પાસેથી મેળવેલી માહિતીનો ઉપયોગ કરીને, નોંધણી અધિકારીઓ બે રજીસ્ટરો રાખે છે – ઇલેક્ટોરલ રજીસ્ટર અને ઓપન રજીસ્ટર (એડિટેડ (સુધારેલું) રજીસ્ટર પણ કહેવાય છે).

### ઇલેક્ટોરલ રજીસ્ટર

ઇલેક્ટોરલ રજીસ્ટરમાં જાહેર ચૂંટણીઓમાં મત આપવા નોંધાયેલી દરેક વ્યક્તિના નામો અને સરનામાઓની યાદી હોય છે. રજીસ્ટરનો ચૂંટણીલક્ષી હેતુસર, જેમ કે માત્ર પાત્રતા ધરાવતા લોકો મત આપી શકે છે તેવી ખાતરી કરવા માટે ઉપયોગ થાય છે. તે કાયદામાં ઉલ્લેખિત અન્ય સીમિત હેતુસર પણ વપરાય છે, જેમ કે:

- ગુનો શોધી કાઢવો (દા.ત. છેતરપિંડી)
- જૂરી સર્વિસ માટે લોકોને બોલાવવા
- ક્રેડિટ અરજીઓ તપાસવી

### ઓપન રજીસ્ટર

ઓપન રજીસ્ટર એ ઇલેક્ટોરલ રજીસ્ટરનો ઉતારો હોય છે, પરંતુ તેનો ઉપયોગ ચૂંટણીઓ માટે થતો નથી. તેને કોઇપણ વ્યક્તિ, કંપની કે સંસ્થા ખરીદી શકે છે. ઉદાહરણ તરીકે, તેનો ઉપયોગ ધંધાઓ અને ધર્માદા સંસ્થાઓ દ્વારા નામ અને સરનામાઓની વિગતો પાકી કરવા થાય છે. તમારું નામ અને સરનામું ઓપન રજીસ્ટરમાં સમાવવામાં આવશે સિવાય કે તમે તે વિગતો કાઢી નાખવા કહો. ઓપન રજીસ્ટરમાંથી તમારી વિગતો કાઢી નાખવાથી તમારા મત આપવાના અધિકાર પર અસર થતી નથી.

જો તમે ચિંતિત હો કે રજીસ્ટર પર તમારું નામ કે સરનામું હોવાથી તમારી સુરક્ષા પર અસર થઇ શકે તો, તમને અન્ય વિકલ્પો ઉપલબ્ધ થઇ શકે છે. ચોક્કસ સંજોગોમાં, તમે રજીસ્ટર પર તમારું નામ અને સરનામું દેખાડ્યા વગર નોંધણી કરાવી શકો છો. વધુ માહિતી મેળવવા, કૃપા કરી તમારી ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસનો (ચૂંટણીલક્ષી નોંધણી કાર્યાલયનો) સંપર્ક કરો. તમે તેઓનું સરનામું આ ફોર્મના પાન 1 પર શોધી શકો છો. તમે બંને રજીસ્ટરો વિશે વધુ માહિતી અને તેનો ઉપયોગ કરવાની રીત વેબસાઇટ **gov.uk/register-to-vote** પર શોધી શકો છો.

## ગુપ્તતા કથન

અમે માત્ર તમે અમને ચૂંટણીલક્ષી હેતુસર આપેલી માહિતીનો ઉપયોગ કરીશું. અમે અંગત માહિતીનો ઉપયોગ સુરક્ષિત રીતે કરીશું અને અમે ડેટા સંરક્ષણ વિધાન અનુસરીશું. અમે તમને લગતી અંગત માહિતી કે અન્ય લોકો પર તમે પૂરી પાડી શકો તેવી બીજી કોઇ અંગત માહિતી બીજી કોઇ વ્યક્તિ કે બીજી સંસ્થાને આપીશું નહિ સિવાય કે અમારે તે કાયદેસર આપવી પડે.

આ ફોર્મમાં માહિતી એકઠી કરવાનો કાયદેસર આધાર એ છે કે રિપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એક્ટ 1983 અને સંકળાયેલા નિયમનોમાં નિર્ધારિત કર્યા પ્રમાણે એ જરૂરી છે કે કોઇ કામની કામગીરી જાહેર હિતમાં અને ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસરને સુપરત કરેલી ઔપચારિક સત્તાના મહાવરા તરીકે કરવામાં આવે.

આ ફોર્મમાં એકઠી કરવામાં આવેલી કેટલીક માહિતીને ખાસ શ્રેણીના અંગત ડેટા તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. આની પ્રક્રિયા રિપ્રેઝન્ટેશન ઓફ ધી પીપલ એક્ટ 1983 અને સંકળાયેલા નિયમનોમાં નિર્ધારિત કરેલા નોંધપાત્ર જાહેર હિતના કારણસર કરવામાં આવે છે. આ પ્રકારની માહિતીની પ્રક્રિયા કરવા ડેટા કંટ્રોલર પાસે આ માહિતીનો કારભાર કરવાની રીત નિર્ધારિત કરતો સંબંધિત નીતિ દસ્તાવેજ અચૂક હોવો રહ્યો.

ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસર પોતે ડેટા કંટ્રોલર હોય છે: <<ERO name>> <<ERO address>> <<ERO telephone>>

તમારે અંગત ડેટાના પ્રક્રિયાકરણના સંબંધમાં વધુ માહિતી માટે <<web>> પર ગુપ્તતા નોટિસ વાંચવી જોઇએ.

## શું આ ફોર્મમાં સમસ્યાઓ છે?

**તમારી ઇલેક્ટોરલ રજીસ્ટ્રેશન ઓફિસનો સંપર્ક કરો જો તમને આ ફોર્મ સમજવામાં કે ભરવામાં કોઇ મદદ જોઇતી હોય – અથવા જો તમને આ ફોર્મ મોટા અક્ષરોમાં કે બીજા કોઇ સ્વરૂપે જોઇતું હોય. તમે તેઓનું સરનામું આ ફોર્મના પાન 1 પર શોધી શકો છો.**

*( Barcode goes here )*